# હાજીપુર નજીક લકઝરી બસના છાપરેથી યુવક રોડ પર પટકાતા ઈજા

## રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીમાં મત આપવા જતો હતો યુવાન

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠાના હિંમતનગરના હાજીપુર નજીક શુક્રવારે વહેલી સવારે અમદાવાદથી રાજસ્થાનના ડુંગરપુર મતદાન કરવા જઈ રહેલ યુવક લગઝરી બસમાં છાપરા પર બેઠેલ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઇ હતી જેને લઈને સારવાર અર્થે હિમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.



રાજકારણીઓ પોતાના મતના સ્વાર્થ માટે મતદારોને મોતની સવારી કરાવે છે તેવી જ ઘટના સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે નં.૮ પર આજે વહેલી સવારે હિંમતનગરના હાજીપુર ગામ નજીક બની હતી અને મતદાર યુવક બસમાંથી રોડ પર પટકાયો હતો. જેમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા પોલીસે આવી ૧૦૮ ધ્વારા યુવકને સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં ખસેડ્યો હતો.

આ મતદાર યુવક રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના બોરદ ગામનો અને અમદાવાદના વાડજ વિસ્તારમાં ટાઈલ્સ ફીટીંગનું કામ કરતો અમદાવાદથી લગઝરી બસમાં અમદાવાદથી પોતાની ફરજ અદા કરવા બેઠો હતો. ખાનગી બસમાં ઢોરની માફક મતદારોને ભર્યા હતા અને મતદાર મુસાફરો વધી જતા લગઝરી બસના છાપરે બેઠા હતા. આમ બસમાં નિયમો નેવે મૂકી મુસાફરોને બેસાડ્યા હતા. જેને લઈને આવી ઘટના બની હતી. જો કોઈ મોટો અકસ્માત થયો હોત અને મુસાફરોના મોત નીપજ્યા હોત તો જવાબદાર કોણ ? એ સવાલ થાય છે. પરંતુ પોલીસ અને તંત્રની રહેમ નજર હેઠળ ઢોરની માફક દરરોજ જીપ અને ખાનગી બસમાં મુસાફરો ભરવામાં આવે છે.

## મહીયલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મહીયલ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો. જેમાં મહીયલ ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગામોના લોકોએ લાભ લીધો હતો. તલોદના મહીયલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં મહીયલ ગામ સહિત આજુબાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૮૬૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૪૬૫ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૧૪૨ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ પરમાર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લાના ખેડૂતો માટે ફસલ વીમા યોજના માત્ર નાટક

મોડાસા, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જૂની યોજના નવા નામથી ફસલ વીમા યોજના અમલમાં મૂકી હતી. અરવલ્લી જીલ્લાના ખેડૂતોમાં માટે ફસલ વીમા યોજના આશીર્વાદના બદલે અભિષાપરૂપી સાબિત થતા ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૧૬૧ ખેડૂતોએ પાક નુકશાન વળતર માટે વીમા કંપનીઓમાં દાવો કરતા તમામ દાવાઓ ફગાવી દેતા ખેડૂતોને માથે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે. જીલ્લા કલેક્ટરમાં ખેડૂતોએ ન્યાય માટે ગુહાર નાખતા કલેક્ટરે વીમા કંપનીના અધિકારીઓ સાથે બેઠક કરી હતી પરંતુ કોઈ હલ નીકળી શક્યો નથી.

અરવલ્લી જીલ્લામાં કુદરતી હોનારત અથવા પાક નિષ્ફળ જાય તો ખેડુતને આર્થિક નુકશાન સહન ન કરવુ પડે તેવા હેતુ સાથે વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અમલી બનાવવામાં આવી હતી. આ યોજનામાં નોટીફાઈડ થયેલા પાકો માટે સહકારી મંડળી અથવા બેંક દ્વારા ખેડુતોનુ પ્રિમિયમ ભરી પાકનો વિમો ઉતરાવ્યો હતો, જયારે ૨૦૧૮-૧૯માં મોટા ભાગના ખેડૂતો ફસલ વીમા યોજના નકામી સાબિત થતા વીમા લેવાથી દૂર રહ્યા હતા સમગ્ર ભારતમાં મોટા ભાગના ખેડુતો નુકશાન સામે વળતર મેળવવા માટે આ યોજનામાં સહભાગી થાય છે. જોકે નુકશાન સામે વળતર મૃગજળ



સમાન છે કેમ કે વિમા કંપનીઓ ખેડુતોના વિમા કલેમ બીજા કારણસર રદ કરે છે.

મોડાસા તાલુકામાં યોજનાના પ્રથમ વર્ષમાં એટલે કે ૨૦૧૬-૧૭માં જુજ ખેડુતોના વિમા કલેમ પાસ કરવામાં આવ્યા હતા અને તેની રકમ પણ નગણ્ય હતી. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૬૧ ખેડુતોએ નુકશાનીનો દાવો કર્યો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ વિમા કંપનીના અધિકારીઓ સર્વે કર્યા બાદ તમામ દાવાઓ 'નો ક્લેમ' એટલે કે રદ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ખેડુતોની ફરીયાદ આવતા જિલ્લા કલેકટરે કંપનીના અધિકારીઓ જોડે બેઠક કરી હતી પરંતુ કોઈ હલ ન નીકળતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચાલુ વર્ષે પણ મળતી માહિતી મુજબ ખરીફ પાકમાં વિમા ધારક ખેડુતોએ નુકશાનીનો દાવો વિમા કંપનીમાં કર્યો હતો પરંતુ ૧૦ ટકા ખેડુતોનો દાવો, એ પણ ખુબ નજીવી રકમનો માન્ય કરવામાં આવ્યો છે. આ યોજનાથી નિરાશ થઈ કેટલાક ખેડુતોએ ચાલુ વર્ષે વિમો લીધો નથી.

મહત્વ બાબત એ છે કે ખેડુતોને એ પણ ખબર નથી કે તેઓ કઈ કંપનીનો વિમો લઈ રહ્યા છે કારણ કે, બેંક અથવા મંડળીનું સીધુ જોડાણ સરકાર દ્વારા નક્કી કરેલ કંપની સાથે છે. આ ઉપરાંત એક નક્કી કરેલ વિસ્તારમાં એક જ કંપનીને પરવાનો આપેલ હોય છે જેથી કંપનીની મોનોપોલી પણ રહે છે. એમાં પણ કંપની દર વર્ષે બદલાતી રહે છે એટલે ખેડુત આ ચક્કરથી બીલકુલ અજાણ છે. બીજી મહત્વની બાબત આ યોજનામાં એ જાણવા મળી કે ખાનગી બેંકોમાંથી જો ખેડુતોએ ધીરાણ લીધુ હોય તો વિમો લેવા મજબુર કરવામાં આવે છે. આ અંગે મોડાસા તાલુકાના ખડોદા ગામની મુલાકાત લેતા ખેડુતોએ જણાવ્યુ હતુ કે દર વર્ષે તેઓ નુકશાની સામે વળતરની આશાએ મંડળી થકી પ્રીમીયમ જમા કરે છે પરંતુ તેમની આશા ઠગારી નિવડે છે જ્યારે અન્ય ખેડુત દિપકભાઈ પટેલ જેમણે સતત બે વર્ષ ૨૫ હજાર જેવી માતબર રકમનું પ્રિયમિયમ ભર્યુ હતુ અને સતત બે વર્ષ મગફળીના પાકમાં ૧૦ લાખનું નુકશાન ગયુ તેમ છતાં વિમા કંપનીમાં દાવો કર્યા પછી પણ નુકશાનના વળતર પેટે ચુકવવામાં આવ્યા નથી.

આમ સરકારની યોજનાઓ થકી ખેડુતોને લાભ મળવાની જગ્યાએ મોટી વિમા કંપનીઓ તગડો નફો કરી રહી છે જેનો ખેડુતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# પાલનપુરમાં શાંતિના દૂત ૧૫ કબુતરનો નિર્દયતાથી શિકાર

## વહેલી સવારે શાંતિના દૂતોની નિર્મમ હત્યા કરી કોથળામાં ભરી લઇ જતો કિશોર ઝડપાયો

પાલનપુર, તા. ૭

પાલનપુર ખાતે ગુરૂવારે સવારે એક કિશોર પાસે રહેલા કોથળામાંથી પંદર જેટલા મૃત કબુતરો મળી આવતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ પ્રસરી જવા પામ્યો હતો. જેને પોલીસને સોંપવામાં આવ્યો હતો. બાવરી કોમના આ કિશોરે કબુતરોનો શિકાર કરી તેને ખાવા માટે ઉપયોગ કરવામાં આવતો હોવાનો ચોંકાવનારો ખુલાસો કરતાં પોલીસે કબુતરનો શિકાર કરતી ટોળકીના અન્ય શખ્સોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.



પાલનપુરમાં વહેલી સવારે દુકાનોના છજા તેમજ ઝાડ ઉપર બેઠેલા કબુતરોનો શિકાર કરવાના કારસ્તાનનો પર્દાફાસ થતાં જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ ઉદ્દભવવા પામ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેરના ગુરૂનાનક ચોકમાં વહેલી સવારે પસાર થઇ રહેલા બાવરી કોમના કિશોર પાસે રહેલા થેલાની જીવદયાપ્રેમીએ તલાસી લેતાં તેમાંથી પંદર મૃત કબુતરો મળી આવ્યા હતા. જેથી ચોંકી ઉઠેલા જીવદયાપ્રેમીઓએ આ અંગે વન વિભાગ અને પોલીસને જાણ કરી આ કિશોરને તેમને સોપ્યો હતો. જેમના સમક્ષ કિશોરે આ કબુતરોનો શિકાર કરી તેનો ખાવામાં ઉપયોગ કરવામાં આવતો હોવાનો અને શિકાર કરવામાં ચારથી વધુ શખ્સો સામેલ હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. આ અંગે જીવ સેવા સંસ્થાનના પ્રજેશભાઇ પઢીયારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે કબુતરનો શિકાર કરતી ટોળકીને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ ધનસુરા તાલુકામાં બાળકોની તપાસ કરાઈ

ધનસુરા, તા. ૭

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત દ્વારા શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ગુજરાતમાં શરૂ કરાયો છે. ત્યારે ધનસુરા તાલુકામાં પણ આ કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં બાળકોની તપાસ શરૂ કરવામાં આવી છે. આરબીએસકેના મેડિકલ ઓફિસર ચિંતલબેન પટેલે જણાવ્યુ હતું કે આ કાર્યક્રમ શાળાએ જતા શાળાએ ન જતા બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, આશ્રમશાળાના બાળકો, આંગણવાડીના દરેક બાળકોની તપાસ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં બાળકોને કોઈ જન્મજાત ખામી, જન્મજાત રોગ, શારીરિક ખોડખાપણ જોવા મળે છે એની તપાસ, વિટામીનની ઉણપ, દાંતની તપાસ, આંખની તપાસ, કાનની તપાસ, બાળક કુપોષિત છે કે નહિ, ચામડીના રોગની તપાસ, શ્વસનતંત્રની તપાસ આ તમામ તપાસો કરવામાં આવે છે. ધનસુરા તાલુકામાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ થઈ રહયો છે.

## મોડાસાની સર્વોદય હાઈસ્કૂલનો પ્રદેશ કક્ષા યુવા ઉત્સવમાં દબદબો

મોડાસા, તા. ૭

ગુજરાત સરકારશ્રીના રમતગમત યુવા અને સાંકૃતિક પ્રવુત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર, અરવલ્લી દ્વારા આયોજિત ૫૧મો ઉત્તર ગુજરાત પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ એન.આર.એ. વિદ્યાલય ભિલોડા મુકામે તા.૧/૨ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ સંપ્પન થયો. જેમાં મોડાસા નગરની પ્રતિષ્ઠિત શ્રી સી.જી.બુટાલા સેકંડરી અને શ્રી બી.વી.બુટાલા હાયર સેકન્ડરી સર્વોદય હાઈસ્કૂલ, મોડાસાના કલાકાર સ્પર્ધકોએ સમુહગીત ખુલ્લો વિભાગમાં પ્રથમ ક્રમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત 'અ' વિભાગમાં દ્વિતીય ક્રમ અને લોકવાદ્ય સંગીત 'બ' વિભાગમાં તૃતીય ક્રમ મેળવી શાળાને ગૌરવ પ્રદાન કરેલ છે. પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર બંને કૃતિઓ હવે રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે. મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બીપીનભાઈ આર. શાહ, ઉપપ્રમુખ કનુભાઈ સી. શાહ, પ્રભારી માનદમંત્રી ધીરેનભાઈ એમ. પ્રજાપતિ, શાળાના પ્રિન્સિપાલ ડૉ. આર. સી. મહેતાએ શાળાના આ કલાકારો પોતાનામાં રહેલી કલા શક્તિઓના શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા રાજ્યકક્ષાએ પણ અગ્રેસર રહી શાળાને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા સહ સમગ્ર સંગીત ટીમને અને માર્ગદર્શક પ્રદીપભાઈ ખંભોળજા અને વિશાલ ભટ્ટને અભિનંદન પાઠવ્યા હતા.

# ભિલોડામાં બીએસએનએલના ધાંધીયાથી ગ્રાહકો હેરાન - પરેશાન

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ પંથકના વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક અને લેન્ડલાઈન ટેલીફોનના ધાંધીયાથી ગ્રાહકો હેરાન પરેશાન થઈ રહ્યા છે પરંતુ બી.એસ.એન. એલ. ઓફીસના વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ ચર્ચાય છે.ગ્રામ્યવિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક ગ્રાહકોને મળતું નથી ત્યારે મોબાઈલ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થાય છે.લેન્ડલાઈન ટેલીફોન વારંવાર ખોરવાતાં ટેલીફોન મુંગા બની જાય છે.

બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક અને લેન્ડલાઈન ટેલીફોન સેવા વારંવાર ખોરવાતાં ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે. બી.એસ.એન.એલ.ની અપુરતી સેવાઓના કારણે ગ્રાહકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. બી.એસ.એન. એલ.નું મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતાં હજ્જારો ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુંકાય રહ્યા છે. બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવા વારંવાર ખોરવાતાં ગ્રાહકોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠયો છે.સરકારી ઓફીસોમાં બી.એસ.એન.એલ.નું નેટવર્ક લકવાગ્રસ્ત હોવાના કારણે અરજદારો પરેશાન થઈ રહ્યા છે.બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક,બ્રોડ બેન્ડ,લેન્ડલાઈન ટેલીફોનની સેવાઓ રાબેતા મુજબ કાર્યરત થાય તેવી હજ્જારો ગ્રાહકો આશા સેવી રહ્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે બી.એસ.એન. એલ.ના અધિકારીઓને જાણે કે ફુરસદ જ ન હોય તેમ અધિકારીઓ ગ્રાહકોની ફરીયાદો સાંભળવામાં રસ લેતા નથી તેમ જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું. બી.એસ.એન.એલ. મોબાઈલ કવરેજના ઠેર-ઠેર અંતરીયાળ ગામડાઓમાં ધાંધીયા જોવા મળી રહ્યા છે.

ભિલોડા તાલુકાના ટોરડા, ટાકાટુકા, કુશ્કી, સુનસર, મુનાઈ, નારણપુર, નારસોલી, વાંકાનેર સહિત વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં બી.એસ.એન.એલ.ના ધાંધીયાની અને અપુરતી સેવાઓની બુમરાણ સાંભળવા મળે છે. બી.એસ.એન. એલ.ના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. બી.એસ.એન.એલ. નેટવર્કની સેવાઓ ખોરવાતાં બેન્કીંગ સેવાઓ ઉપર પણ માઠી અસરો જોવા મળે છે. હજ્જારો બી.એસ.એન.એલ. ગ્રાહકો રીતસરના ત્રાહિમામ છે. બી.એસ.એન.એલ. નેટવર્કની સેવા સત્વરે નહીં સુધરે તો ગ્રાહકો જાહેરમાં રોષ પ્રકટ કરે તે દિવસો હવે દુર નથી ? બી.એસ.એન. એલ. નું નેટવર્ક વારંવાર ખોરવાતું હોવાના કારણે ગ્રાહકોમાં રોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

૨૧મી સદીના હાઈટેક યુગમાં મોબાઈલ અને કોમ્પ્યુટરના યુગમાં એક તરફ મોબાઈલ કંપનીઓમાં ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે ત્યારે કોમ્પ્યુટીશનના જમાનામાં પ્રાઈવેટ કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી સ્કીમો આપે છે. બી.એસ.એન. એલ.ના હજ્જારો ગ્રાહકો પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે.બી.એસ.એન.એલ.ના ગ્રાહકો દિન-પ્રતિ-દિન ઘટતા જાય છે પરંતુ સરકારી અધિકારીઓને કોઈ ફરક પડતો નથી તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

# કુંડલી ભાગ્યનો કરણ લુથરા અમદાવાદની મુલાકાતે પહોંચ્યો છે

અમદાવાદ,તા. ૭

ઝી ટીવીના લોકપ્રિય શો કુંડલી ભાગ્યનો અભિનેતા ધીરજ કપૂર કે આ શોમાં કરણ લુથરાનું પાત્ર નિભાવી રહ્યો છે તે આજે અમદાવાદનો મહેમાન બન્યો હતો. પોતાના લોકપ્રિય શોના પ્રમોશનને લઈ કરણ લુથરાએ રસપ્રદ વાતો કરી હતી. ખાસ કરીને અમદાવાદની મહેમાનગતિના તેણે વખાણ પણ કર્યા હતા. કરણ લુથરાએ જણાવ્યું કે, તે દર્શકો તરફથી તેના શો અને તેને મળી રહેલા પ્રેમ અને પ્રોત્સાહને જોઈ વધુ મહેનત કરવા પ્રેરાય છે અને દર્શકોના મનોરંજન માટે મહત્તમ રીતે કટિબધ્ધ બનવા તૈયાર થાય છે. ગત વર્ષે જુલાઈ ૨૦૧૭, જ્યારથી શોની રજૂઆત થઈ છે, ત્યારથી કુંડલી ભાગ્ય ઝી ટીવીના ટોચના પ્રાઈમ ટાઈમ કાલ્પનિક ઓફરમાં આવી ગયો છે, જેને ટેલિવિઝન દર્શકોના દિલના તાર ઝણઝણાવી દીધા સાથોસાથ તેનું વર્ણન, રસપ્રદ પ્લોટ અને સારી રીતે લખવામાં આવેલા પાત્રો જેને કેટલાક અત્યંત પ્રતિભાશાળી અભિનેતાઓ- ધીરજ ધૂપર શ્રદ્ધા આર્યા, અંજુમ ફકિહ અને માનિત જૌરા નિભાવી રહ્યા છે, જેમના નામ અનુક્રમે કરણ, પ્રિતા, કરણ, શ્રિસ્થી અને રિષભ તરીકે પ્રચલીત છે. દર્શકોના પ્રેમને નજીકથી જોવા તથા શોને પ્રમોટ કરવા માટે ધીરજ ધૂપર, જેઓ આ શોમાં કરણ લુથરાનું પાત્ર નિભાવે છે તેણે આજે અમદાવાદની મુલાકાત લીધી હતી. કુંડલી ભાગ્યમાં પ્રજ્ઞા (કુમકુમ ભાગ્યની પ્રથમ કલાકાર)ની તેના જન્મથી અલગ થયેલી બે બહેનો- પ્રિતા અને સૃષ્ટિની વાર્તા છે, જેમને તેમની માતા સરલાને મળવા માટે ખૂબ જ પ્રયત્ન કર્યા અને તેની સાથે એક સમદ્ધ પંજાબી પરિવાર- લુથરા છે, જેના મોટા દિકરા રિષભ લુથરાની એક સેલિબ્રિટી મેનેજમેન્ટ કંપની છે, જે અભીની સંગીત કારકીર્દીનું સંચાલન કરે છે.

# પ્રાંતિજ શ્રી કાલભૈરવ મંદિરે ભજન સંધ્યાનુ આયોજન

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ખાતે આવેલ શ્રી કાલભૈરવ મંદિર તથા શ્રી દશામા મંદિરના મહંતનું અવસાન થતાં મંદિર વ્યવસ્થાપક મંડળ દ્વારા ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ શ્રી માકડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ શ્રી કાલભેરવ મંદિર તથા શ્રી દશામા મંદિરના મહંત કરશન ભારથી ગોસ્વામીનું અચાનક બ્રહ્મલીન થતાં દશામા માઈ મંડળ વ્યવસ્થાસ્પાક નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા દશામા મંદિર પરિસરમાં આજરોજ ૬-૧૨-૨૦૧૮ને ગુરૂવારના રોજ રાત્રીના સમયે ૯ કલાકે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.



## ભિલોડા તાલુકાના ૨૪ ગામડાના ૨૪ કળશોનું સંમેલન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ભિલોડા તાલુકાના ૨૪ ગામડાના ૨૪ કળશોનું સંમેલન ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો હતો.ભિલોડા તાલુકા ગાયત્રી પરીવાર સમન્વય સમિતિ ધ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું.શક્તિ સાધના કળશ પરમ પુજ્ય ગુરૂદેવ શ્રી રામશર્મા આચાર્યશ્રી નો સંદેશો તેમજ વડોદરા મુકામે યોજાનાર અશ્વમેઘ યજ્ઞ,રજત જયંતી મહોત્સવ સંદર્ભે આમંત્રણ લઈને ઘર ઘર સુધીની યાત્રા કરી છે.યાત્રાના એક પડાવ અંતર્ગત ભિલોડા તાલુકાના ૨૪ ગામોમાં યાત્રા કરી તમામ શક્તિ સાધના કળશનું સંમેલન અને ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન ભિલોડા ખાતે હસમુખભાઈ પટેલ,જયંતીભાઈ પટેલ,ઉમીયા કિરાણા સ્ટોર્સ,ભિલોડાના નિવાસ સ્થાને મુખ્ય યજમાન પદે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો હતો.ભિલોડા તાલુકાના ૨૪ ગામમાં ઘર ઘર સુધી સાધના થયેલ દિવ્ય કળશની ઉપસ્થિતીમાં તમામ જીવોની સુખાકારી માટે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો હતો.ગાયત્રી પરીવારના ચંદ્રકાંતભાઈ પંડ્યાએ સંગીતમય શ્લોકો સાથે ભક્તિમય રસપાન પીરસતાં ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન કર્યો હતો.ભાવિક ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ભિલોડા તાલુકાના ૨૪ ગામોના ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા તાલુકા ગાયત્રી પરીવાર સમન્વય સમિતિના હોદેદારો,કાર્યકરોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### ઠંડીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડીગ્રી રહ્યુ હતુ. જેથી ઠંડીની કાંઈ વિશેષ અસર વાતાવરણમાં જોવા મળતી ન હતી. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો નોંધપાત્ર રીતે ગગડયો છે. અલબત્ત ઠંડીનુ પ્રમાણ વધ્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ચાર ડી ગ્રી નીચુ ઉતરતા ઠંડીનો પારો ૧૨.૮ ડી ગ્રી સુધી નીચે આવી ગયો હતો. જેના લીધે ગઈકાલની સાપેક્ષમાં આજે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ૩૦ ડી ગ્રી નોંધાયુ હતુ. જો કે ઠંડીનુ પ્રમાણ વધ્યુ છે. પરંતુ દિવસ દરમિયાન હજુ ગરમ કપડા પહેરવાની જરૂરિયાત વર્તાતી નથી. આગામી દિવસોમાં ઠંડી હજુ આકરો મિજાજ બતાવશે તેમ મનાઈ રહ્યુ છે.

### ક-માર્ગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગોનુ હજુ ઠેકાણુ પડયુ નથી. જો કે આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ આંતરિક માર્ગોની દરખાસ્ત વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. જો કે વાઈબ્રન્ટને અનુલક્ષી માર્ગ સુધારણા તેમજ રોડ ફર્નિચરના જરૂરી કામો શરૂ કરી દેવાયા છે. નગરના ક માર્ગની સુધારણા માટે પણ આયોજન કરી દેવાયુ છે. ટુંકમાં જ આ માર્ગનુ કામ હાથ ધરવામાં આવશે. માર્ગની સુધારણા પાછળ અંદાજિત રૂ ૨.૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### પેપર લીક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોપી આપી હતી. આ જવાબ લખેલી કાગળ ની કોપી જપ્ત કરવા પોલીસે કવાયત શરૂ કરી છે. તે ઉપરાંત પકડાયેલા આરોપીઓને જેણે જવાબો લખી ને આપ્યા હતા તે બે વ્યક્તિઓના નામ પણ ખુલ્યા છે જેમાં મહેન્દ્રસિંહ બોડાણા અને અશ્વિન રાજપૂત હોવાનું બહાર આવ્યું છે. તેમને શોધવા માટે પોલીસ દોડતી થઈ છે. તે ઉપરાંત રાજેન્દ્ર જે ગાડીમાં ગયો હતો તે સ્કોર્પિયોમાં હરીયાણી ભાષા બોલતા સૂત્રધારો હોવાનું તેણે જણાવ્યું છે અને ગુડગાવ હરિયાણા રોડ ઉપર આવેલી એક હોટલમાં આ સૂત્રધારોએ રાજેન્દ્રને રાખ્યો હતો. તે જે હોટલમાં રોકાયા હતા તે હોટલમાં રાજેન્દ્રનો રૂમ નંબર ૨૦૭ હતો અને તેના સૂત્રધારો બીજે રૂમમાં રોકાયા હતા અને આઈડી કાર્ડ પણ ત્યાં હોટલમાં તે સૂત્રધારોએ આપ્યુ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આ દિશામાં પણ તપાસ કરવાની શરૂ કરી છે. તે ઉપરાંત યશપાલ અને ઈન્દ્રવદન ના ઘરે ઝડતી લેવાની પણ કાર્યવાહી કરવા કવાયત કરી છે. પોલીસે પકડાયેલા ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા કોર્ટે ત્રણ આરોપીઓ પૈકી યશપાલ અને ઈન્દ્રવદનના દસ દિવસના રિમાન્ડ જ્યારે રાજેન્દ્રના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે ઉપરોક્ત દિશામાં હવે વધુ તપાસ આરંભી છે.

### જંગી મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજસ્થાન અને તેલંગણમાં સેંકડો રેલીઓ યોજાઈ હતી અને રોડ શો યોજાયા હતા. રાજસ્થાનમાં મતદાનની શરૂઆતની સાથે જ ચૂંટણી મેદાનમાં રહેલા ૨૨૭૪ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. રાજસ્થાનમાં કુલ ૫૧૬૮૭ મતદાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા હતા. રાજસ્થાનમાં કુલ ૪.૭૫ કરોડ મતદારો પૈકી ૨૨૭૧૫૩૯૬ મહિલા મતદારોમાંથી પણ મોટી સંખ્યામાં મહિલાઓ મતદાન કરવા માટે બહાર નિકળી હતી.

### ચુકાદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાવતરું ઘડવામાં આવ્યું હતું. મામલામાં કુલ ૩૭ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૪માં ૧૬ લોકોને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. મુક્ત કરવામાં આવેલા લોકોમાં ગુજરાતના તત્કાલિન ગૃહમંત્રી અને હાલના ભાજપ અધ્યક્ષ અમિત શાહ, રાજસ્થાનના તત્કાલિન ગૃહમંત્રી જીસી કટારિયા, ગુજરાતના પૂર્વ પોલીસ મહાનિદેશક ડીજી વણઝારા, આઈપીએસ અધિકારી એલકે અમીન અને અન્ય ૧૨ પોલીસ અધિકારીઓ સામેલ હતા. સુપ્રીમ કોર્ટના સપ્ટેમ્બર ૨૦૧૨ના એક આદેશ હેઠળ આ મામલાને ગુજરાતમાંથી ખસેડીને મુંબઈમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. સોરાબુદ્દીન કેસને લઈને ભારે ખળભળાટ રહ્યો હતો. રાજકીય ગરમી જામી હતી. ભાજપના હાલના પ્રમુખ અમિત શાહ પણ મુશ્કેલીમાં મુકાયા હતા. સોરાબુદ્દીન અને તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર મામલાના કારણે અનેક ટોચના પોલીસ અધિકારીઓ સકંજામાં આવ્યા હતા. તેમને કાયદાકીય સકંજાનો સામનો લાંબા સમય સુધી કરવો પડ્યો હતો.